

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગ્રાહકો ! ચેતજો, બેન્કમાંથી નાણાં મળે ન મળે!*
*એફડી, બીજ છે નકલી, સમયે ફળે ન ફળે!*
*આ સાપ છે એનાકોંડા, છછુંદર ગળે ન ગળે!*
*થાકી છે બેન્કો કૌભાંડે, ઢાંકણીમાં દળે ન દળે!*

### હાઈકુ

*ખેલ ખતમ!*
*માલ્યા નટ મંડળી -*
*પૈસા હજમ...*

*પૈસા ખપે છે?*
*ભલે હોય તમારા -*
*અરજી કરો!!*

*(નિર્માતા-નિયામક-સરકારી બેંકો)(હશે તો મળશે...)*

### ચિંતન

*નાનૃતાત્પાતકં પરમ્ ।*

**ઉપરોક્ત સૂત્ર ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અસત્યથી ચડિયાતું પાપ નથી.**

**જૂઠું બોલવું, અપ્રામાણિકતા આચરવી એ સૌથી મોટું પાપ ગણાય છે, એનું આચરણ કરવાથી માણસ પોતાની જ ઘોર નથી ખોદતો, બલ્કે સમગ્ર સમાજને વિનાશના પંથે ધકેલે છે.**

**જીવન સંસારમાં કર્તવ્ય - ફરજ ચારિત્ર્ય - આચરણ પ્રત્યેની અપ્રમાણિકતા એ પાપ છે એ ગમે તેવાં તપ-જપ કે ધ્યાન-યોગથી કે ધર્માચરણના દંભથી ઢંકાઈ કે ધોવાઈ જતા નથી પાપ એ પાપ છે હૃદય એ ચોક્કસ ડંખે જ છે. આવું આચરણ એ સમાજની ઘોર ખોદે છે. સમાજનાં વિનાશ વેરે છે.**

### સુવિચાર

- દાનેશ્વરી દાન આપે છે કે ચોર ચોરી કરે આપે છે, એ બંને એમનાં પરિણામને ભજે છે, એમાં રાગ-દ્વેષ કરવા જેવું કયાં રહ્યું ? - **જનકલ્યાણ**
- ચૈતન્ય અવિનાશી છે ને અચેતન પણ અવિનાશી છે, પણ ચૈતન્ય તત્ત્વ સ્વરુપે જાણવાનું અને તત્ત્વ સ્વરુપે અવિનાશીપણું સમજવાનું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વ્યસ્ત મધમાખી પાસે દુઃખ માટે બીલકુલ સમય હોતો નથી - **વિલિયમ બ્લેક**
- જે વ્યક્તિ કોઈના ઝઘડામાં દખલ કરે તો તેને પોતાના નાકમાંથી લોહી નીકળશે - **જર્મન કહેવત**
- રાજનીતિ મોટા મોટા તથા ઘણા બધા વાયદાનો વ્યાપાર છે - **લા બ્રેયર**
- જયાં સુધી જીવતા રહો ત્યાં સુધી જીવન જીવતા શીખતા રહો - **સંત રોબિન**
- આજનું ઔષધ : એક વર્ષ સુધીના બાળકને પગના તળિયામાં નવશેકા ઓલીવ ઓઈલનો મસાજ કરવાથી તાવમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચાલીસેક વર્ષના શિષ્ય મરણ પથારી પર હતો અને ગુરુ તેની પાસે અને પરમાત્માની પ્રાર્થના કરતાં શિષ્યને કહ્યું , 'વત્સ, પશ્ચાતાપ કરી લે, જે પણ પાપ તારાથી થયા તેના માટે તેનો પસ્તાવો, કરી લે.' શિષ્યે આંખ ખોલીને કહ્યું, 'હું તો જે પાપો મેં કર્યા જ નથી તેનો પસ્તાવો કરી રહ્યો છું અને જે પાપ હું કરી શક્યો નથી તે માટે હવે હું પસ્તાઉં છું. હવે મારી પણ રહ્યો છું ત્યારે થાય છે કે કેટલાક એવા પાપ હતા જે કરવાનું મન હતું પણ કરી ન શક્યો.'

ગુરુ શિષ્યની વાત સમજી ન શક્યા કારણ કે આ પૃથ્વી પર આવા ગુરુની ઓછી સમજવાળા માનવી મળવા મુશ્કેલ છે. એટલે શિષ્યને ગુરુએ પૂછ્યું, તું શું કરે છે ? તને ફરીથી જન્મ મળે તો ફરીથી આવા જ પાપો કરીશ, આવું જ જીવન ફરીથી જીવીશ ?

શિષ્યે કહ્યું, નહીં, જીવનપદ્ધતિમાં ઘણા ફેરફાર કરીશ. આ જિંદગીમાં પાપ કરવાનું મેં બહુ મોડું શરૂ કર્યું. આવતી જિંદગીમાં એની શરુઆત વહેલી કરી દઈશ.

ગુરુને શિષ્યની વાત સાંભળી ચક્કર આવ્યા.

# કોંગ્રેસને જસદણનો ઝટકો

**તંત્રીસ્થાનેથી...**

ગત વિધાનસભાની ચૂંટણીમાં જો શંકરસિંહ વાઘેલાને સાચવી દેવાની દૂરંદેશી બતાવી શકાઈ હોય તો અત્યારે ગુજરાતમાં કોંગ્રેસનું જ શાસન હોત. કોંગ્રેસની સૌથી મોટી નબળાઈ એનામાં વર્ષોથી ચાલી આવતી જૂથબંધી છે. અહમદ પટેલ અને શંકરસિંહ વાઘેલાની કેમેસ્ટ્રી કયારેક મળી નહીં - મિયાં અને મહાદેવ ભેદા ન થયા એથી છેવટે ગુજરાત ગુમાવવાનો વારો આવ્યો. છેક હોઠ લગી આવેલો સત્તાનો પ્યાલો ઢોળાઈ ગયો. શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા કે સિદ્ધાર્થ પટેલ કરતાં શંકરસિંહ વાઘેલા નિઃસંદેહ વધુ લોકાભિમુખ અને નીવડેલા નેતા હતા પણ એમની કોઈ રજૂઆત કોંગ્રેસના હાઈકમાન્ડે માની નહીં બલકે એક તબક્કે તો રાહુલ ગાંધીએ તોરમાં આવીને કહી પણ દીધું કે 'ઉસકો જાના હૈ તો જાને દો.' વાઘેલા જેવા વરિષ્ઠ નેતા માટે આવું ઘોર અપમાન જીરવવું અઘરું હતું. આખરે એમણે રાજીનામું આપી દીધું અને એમના સાથીઓને પણ કોંગ્રેસને રામ રામ કરી દઈ ભાજપના સત્તાલક્ષી મિશનને સફળ બનાવવા જાત હોમી દીધી. અલબત્ત, એથી કોંગ્રેસ છોડી ગયેલા તત્કાલીન ધારાસભ્યો પૈકી મોટા ભાગનાની રાજકીય કારકિર્દીને પ્રજાએ ખોરવી નાખી બોધ પાઠ ભણાવી દીધો હતો. ભારતીય જનતા પાર્ટી એટલી નસીબદાર કે એ ૯૯ બેઠકો મેળવી સત્તા સાચવી શકી હતી. એ માટે એને કોંગ્રેસે જે સામે ચાલીને તક આપી હતી અને પ્રજાએ પણ કોંગ્રેસ સત્તામાં આવવા લાયક નથી એવો ચુકાદો આપી દીધો હતો. કોંગ્રેસનું તંત્ર પરિવાર આધારિત હોવાનું સર્વવિદિત છે. વળી એ પરિવાર પર અહમદ પટેલ જેવા અમુક નેતાઓનું જ વર્ચસ્વ વર્ષોથી અકબંધ રહ્યું છે. એથી કોંગ્રેસને એથી કેટલું નુકશાન ભોગવવું પડ્યું છે એની કદાચ રાહુલ ગાંધીને પણ ખબર નથી.

જો એવી ખબર હોત તો કુંવરજી બાવળિયા જેવા મજબૂત લોકનેતાને એણે જાકારો ન જ આપ્યો હોત. વર્ષોથી એકધારા વિજયી થતા રહેલા કુંવરજી બાવળિયા હકીકતમાં કોળી સમાજ અને જસદણ પંથખ માટે પાર્ટી કરતાં મૂઠી ઊંચેરા નેતા બની રહ્યા હતા. જસદણ પૂરતા તો એ જ 'કોંગ્રેસ' હતા. પાર્ટીના હાઈકમાન્ડને આવા લોકનેતાઓની ઉપેક્ષા ભારે પડતી રહેશે તે શંકરસિંહ વાઘેલા અને કુંવરજી બાવળિયાના કિસ્સાથી સાબિત થઈ ચૂક્યું છે. ત્રણ હિંદી ભાષી રાજયોમાં ધોળકું ધોળ્યા પછી ગુજરાતની આ બેઠક ભાજપ માટે અત્યંત પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ હતી. એ બેઠક પર રંગેચંગે વિજયી બનનાર કુંવરજી બાવળિયા હવે ભાજપ માટે મસમોટી અસ્કામત બની રહેશે અને સૌરાષ્ટ્ર પંથકમાં ભાજપના વળતા પાણી થઈ રહ્યા હતાં એ સ્થિતિ પણ પલટાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી માટે આ વિજય એમની યશકલગીનું મોરપિચ્છ બની રહેશે. આજે નાતાલ પર્વ પર સૌને મેરી ક્રિસમસ!

# આ ક્ષણ જ અમૂલ્ય છે...

અજવાળું - અજવાળું
તુષાર જોશી



'ડેડી, આ શું લખ્યું છે ?

દીકરી સ્તુતિએ કહ્યું...' તમે આટલું તો ગુજરાતી વાંચી શકો છો બેટા, જાતે વાંચો...' જવાબ આપ્યો ડેડીએ, 'અરે પણ અહીં નામની જગ્યાએ તારીખ લખી છે આપણા દૂધવાળાભાઈએ એમ કહું છું...'

વાત એમ બની હતી કે બાજુના ગામથી ઘરે દૂધ આપવા રોજ એક ભાઈ આવતા હતા. વહેલી સવારે સાડા પાંચ છ વાગે તો આવી જ ગયા હોય... ડોરબોલ વાગે એટલે દૂધ લઈ લેવાનું અને એક કાર્ડમાં તે લખી આપે કે કેટલું દૂધ લીધું... દર મહિને એ મુજબ સરવાળો કરીને પૈસા ચુકવાય... આજે અચાનક દીકરીનું ધ્યાન પડ્યું કે નામની કોલમમાં એમણે તારીખ ૧/૧૨/૨૦૧૮ લખી છે... એટલે દીકરીએ આમ જ પુછ્યું હતું.... જવાબ આપ્યો કે બેટા, 'પાંચ-પચ્ચીસ માણસોના નામ તો એ કેમ કરી યાદ રાખે ?' એમને મન નામ નહિ, હિસાબ માટે મહિનો એ મહત્ત્વનો છે. સમય એ મહત્ત્વનો છે.. એટલે આપણે પણ આમાંથી શીખવાનું કે નામ કરતાં સમય વધુ મહત્વનો છે. જો, આ ૨૦૧૮નું વર્ષ તો પૂરું થવામાં છે, હવે એ વહીં જતા પસાર થઈ ગયેલા સમય પર નજર માંડીએ ત્યારે સમજાય છે કે સમયમાં માણસે જીવન ભરવાનું છે... અત્યારે જે સમય છે એમાં આપણે શ્રેષ્ઠ કામ કરીએ...' આટલું કહીને ડેડી રાઈટીંગ ટેબલ ઉપરથી ઊભા થયા... દીકરી વહેલી સવારે ધોરણ બારની પરીક્ષાનું લેસન કરતા કરતા ડેડી સાતે ચા-પી રહી હતી... પુસ્તકોના ઘોડામાંથી એક નાનકડું પુસ્તક ડેડી લઈ આવ્યા... પ્રખ્યાત લેખખ ફાદર વાલેસનું એ પુસ્તક હતું... દીકરીને બતાવીને કહ્યું, 'જો સાંભળ બેટા, તારા અભ્યાસમાં જે શીખવા મળશે, એના કરતા પણ વધુ મૂલ્યવાન શીખ આપતી એક નાનકડી વાર્તા આ પુસ્તકમાં છે, માત્ર પાંચ મીનીટમાં સંભળાવું...' એમને વાર્તા સાર રૂપે કહી.

એક પિતાએ નવા વરસે એના યુવાન પુત્રને ગીફ્ટ આપવાનું નક્કી કર્યું. એમણે બજારમાંથી એક નવી ડાયરી ખરીદી. નવા વરસની વહેલી સવારે દીકરીને બોલાવીને આપી, ને કહ્યું, 'આમાં તને જે કાંઈ અનુભવો થાય, કલ્પનાના વિશ્વમાં વિહાર કરતા જે અનુભૂતિ થાય તે, અથવા તને ગમે તે લખજે.' દીકરો રાજી થયો.... કલમ - પેન લઈને બેઠો, શું લખું? શું લખું ? વિચારો, ઘણા આવ્યા પણ થયું કે ના, ના, કંઈક સારું લખીશ... બીજા દિવસે પણ આ સ્થિતિ થઈ... ત્રીજા-ચોથા ને પાંચમા દિવસે તો ઠીક, અઠવાડિયે ને મહિને પણ એ જ સ્થિતિ થઈ... કાંઈક સારું લખવાના વિચારમાં ને વિચારમાં દિવસો ગણતા ગમતા વર્ષ પસાર થઈ ગયું.... ડાયરી સાવ કોરી રહી ગઈ...

વાર્તા પુરી થઈ... દીકરી સમજી ગઈ... જે કાં છે એ સમય છે... વર્તમાનમાં જો ના જીવીએ તો - કર્મ ના કરીએ તો જેમ પેલા યુવાનની ડાયરી કોરી રહી ગઈ એમ આપણું જીવન પણ કોરું રહી જાય... શ્રેષ્ઠ સર્જન કરવાની પ્રતિક્ષા કરવા કરતા, જે કાંઈ કરીએ તે શ્રેષ્ઠ જ કરીએ... સંવાદ પુરો કરતાં ડેડીએ કહ્યું, 'એટલે બેટા, તમારા માટે વર્તમાનમાં ભણવું ને શ્રેષ્ઠ પરિણામો મેળવવા એ મહત્ત્વની વાત છે ને મારા માટે મારું લેખન - વાંચન કે પુસ્તક સર્જન એ મહત્ત્વની વાત છે... ચાલો આપણે બંને આપણા કામો શ્રેષ્ઠ રીતે કરીએ...'



તીથલના દરિયા કિનારે રહીને જેમને શબ્દ અને અધ્યાત્મ સાધના કરી, એવા બંધુ ત્રિપુટી પૈકીના જૈન મુનિ શ્રી મુનીચંદ્રવિજયજી મહારાજે લખેલી એક ગઝલનો ઉઘાડ આવો છે.

આ જાય સમય ઓ જાય સમય
પકડું પકડું થાય મન ને
હાથતાળી દઈ જાય સમય

સમય કયાં પસાર થઈ જાય છે એ ખબર પડતી નથી... વરસો જાણે... અડધીયા થઈ ગયા હોય એવું લાગે છે. સમયને અર્થપૂર્ણ બનાવવો, સમયને જીવવો, સમય મળ્યો છે, એમાં કરવાના કામો કરી લેવા, સમયને સાચવી લેવો એ જ આપણા જીવનમાં સૌથી પ્રથમ જરૂરિયાત છે. કોણ કયારે છૂટા પડશે ? કોણ કયારે કોને મળશે ? કોનું કયારે શું થશે ? કોઈને કાંઈ ખબર નથી, આયોજનો ભલે પાંચ-દસ વર્ષ પછીના કરીએ, કરવા જ જોઈએ પણ જીવવાનું તો આ ક્ષણમાં જ છે... જીવનની આ સમજણ અનુસાર જીવાય ત્યારે ચારેકોર અજવાળા અજવાળા થાય છે.

# હોમ-લોનનાં ઈએમઆઈ જેવી ઈશ્વરની કદી પૂરી ન થતી પીડા

વિચારયાત્રા
ડો. જય ઓઝા



**લંબાઈ, જાડાઈ, ગોળાઈ પહોળાઈ કબૂલ,**
**ખરબચડાશ ફિક્કાશ - કબૂલ પ્રકાશને અંધારું,**
**પોલાણ છોલાણ તીખાશ - પોચાશ**
**અભાવ કે સ્વભાવ કબૂલ તેં માથામાં માર્યું તે બધું જ કબૂલ...**
**કબૂલ શું નથી કર્યું ?**
**તારી ઉદારતાના ડોળ ને નમાવ્યો..**
**તારા નિયંતા વેડાને હા જી હા કરી**
**તે ઈચ્છ્યો તેવો પીડાગ્રસ્તતાનો મેં દેખાવ કર્યો...**
**ને તું મારી તિતિક્ષાની સીમા વળોટી ગયો....**
**તો સાંભળ - હવે હું ચૂપ નહીં રહું - ગાળી ગલોચ કરીશ.**
**તું પીડા જેવી પીડા પણ જોખીને આપે છે...**
**ધીમું ઝેર? મને? હું નહીં મરું...**
**પીડાનો ટુકડો ફેંકી તું મને છેતરી નહીં શકે...**
**બદમાશ હું મારો હક્ક માગું છું હક્ક...**
**લાવ, મારી જલદ અને ભરચક પીડા... લાવ**
**મારી અસંખ્ય અને અખૂટ પીડા...**
**હવે ઈશ્વરત્વ સમાંતરની પીડા સિવાય હું રીઝું તેમ નથી....**
**લાવ મારી અનંત પીડા મને આપી દે...**

**- રમેશ પારેખ**

રમેશ પારેખ છ અક્ષરનું નામ જેવા મર્મજ્ઞ અને આખાબોલા સાચા સરળ કવિ આજે આપણી વચ્ચે નથી... તે સાલુ કઠે છે... ઉપરની કવિતા વાંચીને થાય કે કેટલી પ્રેક્ટિકલ વાત ચોટદાર શબ્દો દ્વારા રજૂ કરી દીધી છે.

પૃથ્વીની ઉત્પત્તિના વૈજ્ઞાનિક દાવાઓ નકારી કાઢીને, મનુષ્ય પ્રજોત્પત્તિની જૈવિક વૈજ્ઞાનિક કડીને અવગણીને આ સમગ્ર દુનિયામાં ઈશ્વરની સર્વોપરિતાને માથે ચડાવીને ભગવાનને ઉચ્ચ કોટિમાં મૂકી દઈને આપણે માત્ર તેના ચલાવ્યા જ ચાલે રાખીએ છીએ... આપણી દરેક વ્યાધિ ઈશ્વર ઈચ્છા સ્વીકારીને સહે રાખીએ છીએ....

'વહાં દેર હૈ અંધેર નહીં' નો રાગ આલપતા આલપતા માત્ર તેના જ ગુણગાન ગાયે રાખીએ છીએ...

કેટલાક શારીરિક, માનસિક, આર્થિક કષ્ટો વેઠતા વેઠતા, ઈશ્વરની દોહ્યલી માનતાઓ પૂરી કરવામાં ઈશ્વરની સર્વોપરિતા માનવામાં અને મનાવવામાં જ જીવન વેંઢારતા રહીએ છીએ...

અને ઈશ્વર પણ આપણી મજાક ઉડાવતો હોય તેમ આપણને 'બિચારા-બાપડા' પરિસ્થિતિનો દાસ બનાવી રાખવાની વિકૃત મજા લેતા હોય તેવું લાગે છે.

કદાચ એ એવું માનતો હોય સમજતો હોય કે પોતાની માર્કેટ વેલ્યુ ટકાવી રાખવા માટે તેની માટે મગતરા સમાન માણસોને દુઃખની અને પીડાની એક એવી શૃંખલા સાથે બાંધી દેવો કે He Has No Choice. આપણી પાસે સિવાય કોઈ ચારો જ નથી રહે તો...

મનુષ્યના જીવનમાં સમયે સમયે એવા કારમા ઘા ફટકારતો રહે છે કે એક જખમને રુઝ આવે ન આવે ત્યાં બીજો તાજો જખ્મ ઊભો જ હોય. કોલૂના બેલની જેમ આપણે આ જિંદગીની દડમજલમાંથી ઊંચા ન જ આવીએ એવો ખતરનાક મનસૂબો ઉપરવાળાના દિમાગમાં ચાલતો રહે છે.

ઈશ્વરલાલ પણ પીડા કે જખમ એક ઝાટકે આપીને આપણું એકાઉન્ટ સેટલ નથી કરતો... પરંતુ મુદલ પરના વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચડાવતો રહેતા વ્યાજખોર લુચ્ચા શાહુકારની જેમ ઘા પર મીઠું ભભરાવીને ટીંચર રેડીને આપણા સીસકારાની મજા માંણતો રહે છે...

'ભગવાન તો બધાનો છે' - આ વાત મન મનાવવા જેવી છે, દેશના ધનાઢ્ય મંદિરોમાં પૈસા આપીને ભગવાનના દર્શન કરવાની બોલી લાગે છે. આ વાત વળી કોક ભગત મહારાજ બોલશે 'આ તો બધી માનવીની ઊભી કરેલી માયા છે.' તો તેમને જણાવવાનું કે મનુષ્યને બનાવનારને ઈશ્વર જ છે ને! ઈશ્વર સર્વત્ર વ્યાપ્ત હોય તો મનુષ્યના દિલ દિમાગ પર પણ તેનો જ અખ્રિયાર છે!

બ્લાસ્ટમાં મરનારા લોકોમાં વીઆઈપી શેઠિયા ઓછા અને મારા તમારા જેવા સામાન્ય લોકો વધુ મરે છે. એક માત્ર કમાઉ દીકરો કે બાપ ચાલ્યો જવાથી પાછળ આખો પરિવાર મરવાના વાંકે દિવસો ગુજારે છે.

અને રોજ મોત કયારે આવે તેની રાહ જુએ છે...

ધીમે ધીમે ઈન્સ્ટોલમેન્ટમાં દુઃખના ઝાટકા આપે રાખીને ઈશ્વર માઝા મૂકી દીધી હોય પછી, માનવી કંટાળીને ઈશ્વર સથે તકાદો કરે છે કે હવે તો આરપારની લડાઈ લડી લે...

એક સામટી એટલી પીડા અને દુઃખથી ભરી દે કે, ત્યારબાદ મનુષ્યના પાત્રમાં બીજું દુઃખ સમાવાની જગ્યા જ ન બચે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# વિશ્વાસની વાતમાં પ્રદેશનુ ગૌરવ અને આંખોમાંથી કામનું સન્માન નિતરતું હતું

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



જે પોતાના કામથી ખુશ હોય છે એનાથી દુનિયા પણ ખુશ હોય છે. જેને પોતાના કામ પ્રત્યે ગૌરવ અને લગાવ હોય છે એના કામમાં નિખાર હોય છે. સારું કામ કરવા માટે સમયનો અભાવ હતો કે પર્યાપ્ત સમય ન મળ્યો કહેનારા લોકોની વાતમાં દમ નથી. જે લોકો સફળ થયા છે અને આગળ વધ્યા છે, એમની પાસે પણ ૨૪ કલાકનો જ સમય હોય છે. આગળ વધેલા લોકો એ જ ૨૪ કલાકમાં એમના કાર્યમાં ગૌરવ અને લાગણીનો સમન્વય કરીને ચમત્કાર કરતા હોય છે.

પ્રશ્નો કરતા કાર્યનું ફલક અને લક્ષ્ય ઘણા મોટા હોવા જોઈએ. મધ્યપ્રદેશના રમણીય પ્રવાસન સ્થળ માન્ડુમાં વિશ્વાસ નામનો એક યુવાન રહે. એક દિવસની વાત છે. વિશ્વાસની પત્ની રસોઈ બનાવતી હતી ત્યારે ગેસનો બાટલો ફાટતાં ગંભીરરૂપે દાઝી ગઈ હતી. વિશ્વાસે પળભરનો વિલંબ કર્યા વગર એને બાજુના શહેરની હોસ્પિટલમાં એના ગજા બહારનો ખર્ચ કરીને પત્નીની સારવાર કરી. એને બે નાના નાના બાળકો પણ છે.

વિશ્વાસ માન્ડુમાં ગાઈડનું કામ કરે છે. સાથે સાથે નાનકડી ચાની કીટલી પણ ચલાવે છે. એક દિવસે સવારે નવેક વાગે ત્રાણેક કપલ માન્ડુની જામી મસ્જિદ પાસે ગાઈડ શોધતા બધા સાથે ચર્ચા કરતા હતા. આ લોકોએ વિશ્વાસ સાથે પણ ચર્ચા કરી. ભાવ-તાલની આ પ્રવાસીઓ વિશ્વાસ સાથે વાત કરતા હતા ત્યારે વિશ્વાસે સહજતાથી કહ્યું, 'અહીં ગાઈડનો ભાવ જે છે, એ મેં તમને કહ્યો. તમને યોગ્ય લાગે તો આપજો પણ તમે પહેલા મારુ માન્ડુ મારી સાથે જુઓ તો ખરા. મારા માન્ડુની માંડીને વાત કરું એ સાંભળો અને મારા પ્રદેશની રમણીયતા માણો પછી જે ઠીક લાગે તે આપજો.'

ગાઈડનું કામ કરતા એક યુવાનની એના પ્રદેશ માટેના ગૌરવનો ટંકાર એમાં હતો. એના કામ પ્રત્યેની ગૌરવની લાગણીએ આ ત્રણેય કપલને ભીંજવી દીધા. બીજી કોઈપણ દલીલ કે ચર્ચા વગર વિશ્વાસ આખો દિવસ એમની સાથે માન્ડુમાં ફર્યો અને હૃદયથી માન્ડુની એકે એક ઈમારત અને પ્રત્યેક ઝાડ-પાન વિશે સમજાવતો રહ્યો. એના દરેક શબ્દમાં એના પ્રદેશનું ગૌરવ ટપકતું હતું. એની આંખોમાં એના કાર્યનું સન્માન નીતરતું હતું.

મુખ્ય વાત તો એ છે કે, મહાન કાર્યોમાં ક્યારેય સફળતા નથી હોતી. કાર્યના ગૌરવ અને કામના સન્માનમાં જ સફળતાનો તેજપુંજ હોય છે. કામ પ્રત્યેનું ગૌરવ અને નિષ્ઠાપૂર્વકનો દ્રષ્ટિકોણ મોટી કામયાબીનો હિસ્સો બનતી જતો હોય છે. આ યુવાન વિશ્વાસ જીવનભર ગાઈડ નહીં રહે. એ યુવાન આગળ જતા સફળતાના શિખરે બેસવાનો છે એ નક્કી છે.

કોઈપણ વ્યકિતના જીવનની ક્વોલોટી એના કાર્ય માટેના ઝનૂન અને કાર્યની કદર ઉપર નિર્ભર રહેતી હોય છે. કહેવાય છે કે, જીવન એક સ્પર્ધા છે, ખરેખર તો વ્યકિત સ્વયં નક્કી કરે કે એનું કાર્ય જ સૌથી અગત્યનું છે. તો કોઈ પ્રતિસ્પર્ધાને સ્થાન જ નથી. આમ પણ જીવનની રેસમાં જે લોકો તેમના કાર્યના ગૌરવને નથી સમજતા એ દોડી નથી શકતા અને એટલા માટે બીજા ગૌરવવાન લોકોને તોડીને હરાવવા મથે છે.

રિષભ જૈન નામના તેર-ચૌદ વર્ષના કિશોરે એક નવી ઓલ્ગોરીધમ વિકસાવી. આ ઓલ્ગોરીધમ પેનક્રિએટિક કેન્સરમાં ઉપયોગી થઈ શકે છે. રિષભે આની સાથે સાથે પેનક્રિએટિક નિદાનમાં તબીબોને સહાય થાય એવું એક સોફ્ટવેર ટૂલ પણ વિકસાવ્યું. આ નાનકડા કિશોરને તેના સંશોધન કાર્ય માટે જબરજસ્ત લગાવ અને સન્માન હતું. પરિણામે એ અન્ય કિશોરો-યુવાનો કરતાં રેસમાં આગળ નીકળી ગયો. આજે ટાઈમના સૌથી પ્રતિભાશાળી ૨૫ ટીનએજર્સની યાદીમાં રીષભનું નામ છે. એક ઈચ્છાથી કશું બદલી શકાતું નથી, એક નિર્ણયથી કદાચ થોડો બદલાવ આવી શકે પણ એક નિશ્ચય અને કાર્યનું સન્માન બધું જ બદલી નાખતું હોય છે. જેને પડવાનો ડર નથી હોતો એ જ ઊંચી ઉડાન ભરી આકાશમાં વિહરી શકે છે.

બીલ ગેટ્સના મનમાં બાળપણથી કોમ્પ્યુટર અને સોફ્ટવેરનું ભુત સવાર હતું, માઈકલ જોર્ડન બાસ્કેટ બોલ પાછળ પાગલ હતો. સચિનને ક્રિકેટનું ઘેલું લાગ્યું હતું. સ્ટીફન કિગ્સ જયારે લખવા બેસતા ત્યારે દુનિયા ભુલી જતા હતા. આ બધાની જિંદગીમાં એક વખત એવો હતો કે એ લોકો જે કાર્ય કરતા હતા એ એમના રસ મુજબનું ન હતું. પરંતુ આવા લોકોએ શરૂઆતમાં જે પણ કાર્ય હાથ ઉપર લીધું એને પુરતું સન્માન આપ્યું છે. કોઈપણ કાર્યની શરૂઆત મહાન બનવા માટે નથી હોતી. કોઈપણ કાર્યનું સન્માન અને કામને ગૌરવ આપવાથી એ કાર્યની શરૂઆત થાય એ અગત્યનું છે.

તક આવીને ખોળામાં ક્યારેય નથી પડતી. તક ઊભી કરવાની હોય છે. ખુશી તો પતંગીયા જેવી હોય છે. જેમ એને પકડવા જાવ એમ એ ઊડીને બીજી મહેકદાર ઈચ્છાના ફુલ ઉપર જઈને બેસી જાય છે. જે કાર્ય કરવામાં સન્માન અને નિષ્ઠાનો સુમેળ હોય તો ખુશીનું પતંગીયું માથે આવી ગીત ગાતું બેસી જતું હોય છે. જીવનનો એક નિરંતર ચાલતો પ્રવાસ છે. આ પ્રવાસને જ ગૌરવપૂર્વક પ્રેમ કરવામાં આવે ત્યારે આખું જીવન પ્રેમનું ગીત બની જતું હોય છે. ખુશી એ પ્રવાસ કરીને પહોંચવાનું લક્ષ્ય થોડું હોય છે ? ખુશી તો આંતરિક આનંદનો ફુવારો છે અને એ દરેક કામની પ્રત્યેક પળમાંથી તો જ ફુટે બશર્તે જો મનમા કામનું સન્માન હોય.

એપલના સ્ટીવ જોબ્સના મતે દરેક કામમાં પ્રાણ રેડી પ્રેમથી કરવામાં આવે એ જ શ્રેષ્ઠ કામ કરવાનો એક માત્ર માર્ગ છે. જીવનના દરેક કાર્યને તમે કેવી રીતે જુઓ છો એના આધારે જીવન ઘડાતું હોય છે. લોકોના કહેવાથી જીવન નથી ઘડાતું. કોઈ કોલેજ કે વિશ્વની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં કાર્યનો આનંદ અને કામના સન્માનના ચેપ્ટરો નથી શીખવવામાં આવતા. જેને પોતાના પ્રદેશની સંસ્કૃતિ અને પોતાના કાર્યનું સન્માન નથી એ વ્યકિત ક્યારેય સારો વ્યકિત નથી હોતો. ગમે એટલું આસાન કામ પણ મન વગર થતું હોય તો એમાં ભલીવાર નથી રહેતો. કામનું ગૌરવ ન કરનારા લોકો યોગ્યતા અને ક્ષમતા હોય તો પણ નિષ્ફળ જતા હોય છે.

**ધબકાર :**

**જે જોઈએ એ મેળવીને જંપે એ સફળ વ્યકિતની ખાસીયત છે પણ જે કામ કરે એમાં હસતો રહે એ સુખી માણસની ખાસીયત છે.**